RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.૬૭૯ તા.૯–૩–૧૨
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી નરેશભાઈ ગોવિંદભાઈ મોદી
સામાવાળા :– ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ ગોવિંદભાઈ મોદીની તા. ૧૦–૨–૧૨ની અરજીથી ટેનામેન્ટ નં. ૧૦બી–૧૧–૦૧૪૧–૦–૦૦૧,૦૦૨થી નોંધાયેલ મિલકતના સને ૨૦૧૧–૧૨ના વેરાબીલ મળ્યા નથી. છતાં મ્યુ. ટેક્ષ તા. ૨૯–૦૪–૧૧ના રોજ ભરપાઈ કરેલ છે જેની રસીદ ગુમ થયેલ હોય વેરાબીલની નકલ તેમજ વેરો ભર્યાની રસીદની નકલ આપવા બાબત.
સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૯–૩–૧૨ ની **SMC/FAP/** નં.૬૭૯/૨૦૧૧–૧૨

શ્રી નરેશભાઈ ગોવિંદભાઈ મોદીની તા. ૧૦–૨–૧૨ની અરજીથી ટેનામેન્ટ નં. ૧૦બી–૧૧–૦૧૪૧ –૦–૦૦૧,૦૦૨ થી નોંધાયેલ મિલકતના સને ૨૦૧૧–૧૨ના વેરાબીલ મળ્યા નથી. છતાં મ્યુ. ટેક્ષ તા. ૨૯–૦૪–૧૧ના રોજ ભરપાઈ કરેલ છે જેની રસીદ ગુમ થયેલ હોય વેરાબીલની નકલ તેમજ વેરો ભર્યાની રસીદની નકલ આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)ના પત્ર નં.એ.આર.ડી./૪૨૨ આકારણી અને વસુલાત વિભાગ તા. ૨૩–૨–૧૨થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૯–૩–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા / ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો વિશેષતઃ ડુપ્લીકેટ રસીદ નિભાવણી, પ્રોગ્રામમાં જોગવાઈ અંગે સ્પષ્ટતા સહ મોકલવા** પત્ર નં. આરટીઆઈ સેલ/૨૦૨૭ તા. ૧૭–૩–૧૨ થી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તથા અરજદારને આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે)ની જોગવાઈ મુજબ દફતરી ઉપલબ્ધ માહિતી આપવાની રહે છે છતાં વૈકલ્પિક માહિતીથી હેતુબર આવે છે કે કેમ ? તે સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. એઆરડી/ ૪૨૨ તા. ૯–૪–૧૨થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મૂળ અરજીની નકલ, અરજદારને નિયત સમય અવધિમાં આપવામાં આવેલ માહિતીના પત્ર નં. એ.આર.ડી./૪૨૨ આકારણી અને વસુલાત વિભાગ તા. ૨૩–૨–૧૨ના પત્રની નકલ તથા પત્ર નં. એ.આર.ડી./૪૨૨ આકારણી અને વસુલાત વિભાગ તા.૩–૩–૧૨ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા. ૨૨–૩–૧૨ના પૂરક પત્રથી તા. ૯–૪–૧૨ના રોજ એસ.ડી.ઝવેરીના પત્રની નકલ, તા. ૨૬–૩–૧૨ના પત્રની નકલ તથા અરજદારે રજૂ કરેલ વર્ષ–૨૦૧૦–૧૧ના વેરાબીલની ઝેરોક્ષ નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા. ૧૦–૨–૧૨ની અરજીથી જેમાં ટેનામેન્ટ નં. ૧૦બી–૧૧–૦૧૪૧ –૦–૦૦૧,૦૦૨ થી નોંધાયેલ મિલકતના સને ૨૦૧૧–૧૨ના વેરાબીલ મળ્યા નથી. છતાં મ્યુ. ટેક્ષ તા. ૨૯–૦૪–૧૧ના રોજ ભરપાઈ કરેલ છે જેની રસીદ ગુમ થયેલ હોય વેરાબીલની નકલ તેમજ વેરો ભર્યાની રસીદની નકલ આપવા બાબત. તેવી માહિતી માંગતી અરજી સીધા વેરા અધિકારી સુરત મહાનગરપાલિકાને કરવામાં આવેલ. જેમાં અરજદાર નરેશભાઈ ગોવિંદભાઈ મોદી, તે શ્રી ભગવાનકૃપા પબ્લીક અને ચેરીટેબલ ટ્રસ્ટના સભ્યશ્રીનું જણાવવાનું કે ઉપરોકત ટ્રસ્ટને નાણાકીય વર્ષ–૨૦૧૧–૧૨ ના સીધા વેરા બીલ આજ દિન સુધી મળ્યા નથી. તેમજ છતાં ટ્રસ્ટે સીધા વેરો રૂા. ૧૭,૭૫૦( અંકે રૂપિયા સત્તર હજાર સાતસો પચાસ પુરા) સુરત પીપલ્સ બેંક, ભાગાતળાવ શાખાના ચેક નં. ૫૨૦૬૦૬ તા. ૨૨–૪–૧૧ ભરી દીધા છે. સદરહુ ચેક અમારી બેંકમાં તા. ૩–૫–૧૧ના રોજ પાસ પણ થઈ ગયો છે. મેં મારા અંગત સીધા વેરા તા. ૨૯–૪–૧૧ ના રોજ ભરેલા છે. તેની સાથે ઉપરોકત ટ્રસ્ટનો વેરો પણ ભરેલો છે. તેનો રસીદ નં. ૩૦૦/૮ તથા ૩૦૦/૧૦ છે. એટલે હું માનું છું કે ટ્રસ્ટના વેરાની રસીદ નં. ૩૦૦/૯ હોવો જોઈએ. મને મળેલી રસીદ પણ ગુમ થઈ ગઈ છે. માટે મારે ઓડીટરને વેરા બીલ તથા રસીદ જલદીથી પેમેન્ટની ચકાસણી કરવા માટે આપવાની છે માટે મને ઉપરોકત ટ્રસ્ટને નાણાકીય વર્ષ–૨૦૧૧–૧૨ના સીધા વેરા બીલના બે બીલો તથા સીધા વેરા ભર્યાની રસીદની નકલ જલદીથી કાઢી આપવા વિનંતી કરતી અરજી કરવામાં આવેલ. જેના અનુસંધાને સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. એ.આર.ડી./૪૨૨ આકારણી અને વસુલાત વિભાગ તા. ૨૩–૨–૧૨થી નિયત સમય અવધિમાં " ટેનામેન્ટ નં. ૧૦બી–૧૧–૦૧૪૧ –૦–૦૦૧, ૦૦૨ થી નોંધાયેલ મિલકતનાં સને–૨૦૧૧–૧૨ના વેરાબીલો કુરીયર મારફત રવાના કરવામાં આવેલ છે. સદર મિલકતનો બાકી મ્યુ. ટેક્ષ રેકર્ડ ઉપર ચકાસણી કરતાં તા. ૨૯–૪–૧૧ના રોજ ભરપાઈ કરવામાં આવેલ હોવાનું જણાય છે. તેઓની માંગણી મુજબ વેરા રસીદ ગુમ થાય તો તેવી વેરાબીલની રસીદની ડુપ્લીકેટ રસીદ કાઢી આપવાની પ્રથા નથી. પરંતુ મ્યુ. ટેક્ષ ભરપાઈ કર્યા અંગેનો કોમ્પ્યુટરાઈઝડ પાર્ટી સ્ટેટસ પાના નંગ–૨ ના રૂા. ૪/– ભરપાઈ

કર્યેથી ઉપલબ્ધ થઈ શકશે." તેવું જણાવેલ. ત્યાર બાદ પત્ર નં. એ.આર.ડી./૪૨૨ આકારણી અને વસુલાત વિભાગ તા. ૩–૩–૧૨થી નિયત સમય અવધિમાં " તમોની ઉકત આઈ.ડી.નં.થી આપવામાં આવેલ અરજી સંદર્ભે સેન્ટ્રલઝોનના પત્ર ક્રમાંક : એ.આર.ડી.૪૨૨ તા. ૨૩–૨–૧૨થી જવાબ પાઠવી માંગવામાં આવેલ માહિતીના રૂા. ૪/– ભરપાઈ કરી જવા જણાવેલ. સદર નાણાં તમોએ તા. ૨૪–૨–૧૨ના રોજ ભરપાઈ કરેલ હોય માહિતી આ સાથે સામેલ છે " તેવું જણાવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારીના મળેલા પ્રતિભાવથી નારાજ થઈ અરજદારે તા. ૯–૩–૧૨ના રોજ અપીલ અરજી કરેલ. જેમાં અરજદારે અપીલનું કારણ Aggrieved by the decision of Public information officer, Cum Zonal Chief, Central Zone, dt. 23-02-2012 જણાવેલ છે. તેમજ મુદ્દા નં. (1) The learned Public Information Officer is not justified in not furnishing the details of Direct Tax Bill and the details of Payment of Direct Receipt for the financial year 2011-12.

(2) The Learned Public Information Officer has failed to appreciate the fact that no original Direct Tax Bill for the financial year 2011-12 has been received by the applicant for the reasons known to Public information Officer and the Direct Tax Department.

(3) The learned Public Information Officer has failed to mention sub-clause (a) to (j) of section of section 8 of the R.T.I. Act or any othe Act, Rule, notification, Circular, Press Notes etc. under which he refused to furnish information.

(4) The learned Public Information Officer is not justified in refusing to furnish information on ground that there is no custom and/ or usage to furnish Zerox copy of Direct Tax Bill and Receipt for the financial year 2011-12 to the property owner.

(5) The learned Public Information Officer failed to furnish the information under RTI Act in which it is specifically mentioned that no information is to be furnished to the appellant if there is no custom and/ or usage of furnishing the information.

(6) The learned Public Information Officer is not justified in refusing the information asked for by the appellant is one of the trusees of the trust Shri Bhagawankrupa Public & Charitable trust who is the property owner. How he can refused to furnish the information to the property owner.

(7) The learned Public Information Officer is not justified in insulting the property owner by refusing to furnish the information to the property owner. The Pubilc Information Officer failed to appreciate the fact It is birthright fo the property owner to get a copy of the details of Direct Tax Bill & Direct Tax payment receipt.

(8) The Public Information Officer is not justified in refusing to furnish the details of Direct Tax Bill & Direct Tax payment receipt such as Property Tax, Water Charges, Drainage Charges, Solid Charges, Street Light Charges, Education Cess, Rebate allowed if any.

(9) The Public Information Officer has furnished only of the Demand of Tax, Payment of Tax, Date of Payment of Tax, Total amount of Tax paid by the appellant. The copy if the infoamation furnished is enclosed herewith for your knowledge and records.

(10) The Public Information Officer failed to appreciate the fact the owner of the property is a public trust and its books of accounts are audited by the Auditor and the auditor asked the appellant to show the property bill and payment receipt. How the appellant shows the property Tax Bill and Tax Payment Receipt.

(11) The Public Information Officer to appreciate the fact that the original bill issued by the Surat Muinicipal Corporation has not properly served to the appellant. It is our experience that couriers are not properly served the tax bill to the owner of the property. He throws away to the another's property or to the street. No signature of the property owner is obtained by the courier.
(12) The Public Information Officer failed to appreciate the fact that if no details of property Bill and payment receipt are furnished to the owner of the property then the appellant has no option but to approach to the Consumer Court as the property owner is the consumer of the Surat Municipal Corporation.
(13) The Public Information Officer is failed to furnish the copy of Act, Rule, Notification, Circular, Press Notes under RTI Act or any other law under which it prohibits to furnish the copy of the Property Tax Bill and Payment receipt to the owner of the property owner.
(14) The Public Information Officer failed to appreciate the fact that auditor used to ask the Porperty tax Bill and Payment receipt for the verification of the payment of property tax as the owner of the property is a Public & Charitable Trust and its accounts has to be audited by the auditor as per Public Trust Act.
(15) The Public Information Officer has no power, right to refuse to furnish the copy of the Property Tax Bill and Property Tax Payment receipt to the property owner who is the trust.
(16) The appellant craves the leave to add, alter amend the grounds at the time of hearing.

વધુમાં અરજદારે માંગેલ દાદ It is hereby that necessary instruction and/ or direction may be given to the Public Information Officer to furnish the copy of the details of Property Tax Bill and Property Tax Payment Receipt to the Property owner who is a Public Charitable Trust. તેવું જણાવેલ.

જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને વેરાબીલની અને રસીદની ડુપ્લીકેટ રસીદ આપવાની પ્રથા નથી.પરંતુ અરજદારને અને તેના આનુષાંગિક તરીકે નાણા ભરપાઈ અંગેના કોમ્પ્યુટરાઈઝ પાર્ટી સ્ટેટસ પૂરું પાડેલ છે. આરટીઆઈ એકટની કલમ– ૨(એફ) અને ૨(જે) મુજબ દફતરી ઉપલબ્ધ માહિતી પુરી પાડવાની હોય છે. જે જાહેર માહિતી અધિકારીએ અરજદારને લોકેશન નં. ૧૦બી–૧૧–૦૧૪૧–૦–૦૦૧ અને ૦૦૨ ની તા. ૧૪–૨–૧૨ની સ્થિતિનું પાર્ટી સ્ટેટસ પૂરું પાડેલ છે જેમાં અરજદારને સને–૨૦૧૧–૧૨નું ચાલુ માંગણું અને તા. ૨૯–૪–૧૧ના રોજ અરજદારે ભરપાઈ કરેલ નાણાંની રકમની વિગત તેમજ ચેક નંબર બેંકનું નામ અને તારીખ સહિતની વિગતો જણાવેલ છે. અરજદારના અપીલમાં કરેલી રજુઆત બાબતે અત્રેથી પાઠવેલ પૂરક પત્રમાં અરજદારને વૈકલ્પિક માહિતીથી હેતુબર આવે છે કે કેમ ? તેવું સ્પષ્ટ કરવા જણાવવામાં આવેલ. પરંતુ અરજદારે તેવી વિગતોની જગ્યાએ વેરાબીલ અને વેરા રસીદનો આગ્રહ રાખેલ છે. પરંતુ તેમના તા. ૨૬–૩–૧૨ના પત્રથી પૂરક વિગતોના અનુસંધાને બીલ મુજબ ભરવાનો થતો વેરો તથા અન્ય માહિતી તેમજ રસીદ મુજબ ભરેલો વેરો તથા અન્ય માહિતી તા. ૨૬–૩–૧૨ના પત્રમાં નિર્દિષ્ટ કરેલ પત્રક મુજબ માહિતીની માંગણી કરેલ છે. આથી જાહેર માહિતી અધિકારીને અરજદારે રજૂ કરેલ વિગતોમાં દફતરી ઉપલબ્ધ હકીકત જણાવવાની રહે.

| અ.નં. | વિગત | બિલ મુજબ ભરવાનો થતો વેરો તથા અન્ય માહિતી રૂા. માં | રસીદ મુજબ ભરેલ વેરો તથા અન્ય માહિતી રૂા. માં |
|---|---|---|---|
| ૧ | મિલકત વેરો | | |
| ૨ | વોટર ચાર્જ | | |
| ૩ | ડ્રેનેજ ચાર્જ | | |
| ૪ | સોલીડ વેસ્ટ ચાર્જ | | |
| ૫ | સ્ટ્રીટ લાઈટ ચાર્જ | | |
| ૬ | શિક્ષણ સેસ | | |

૭ કુલ ટોટલ
૮ રિબેટ આપ્યુ હોય તો
૯ કુલ્લે ભરવાનો થતો વેરો
૧૦ વેરો ભર્યાની તારીખ
૧૧ કુલ્લે વેરો ચેકથી ભર્યાની રકમ
૧૨ રસીદ નંબર
૧૩ બીલ નંબર
૧૪ અન્ય માહિતી આપશ્રી પાસે હોય તો

સદર વિગતો આકારણી વિભાગના એસેસમેન્ટ રજીસ્ટર, ડિમાન્ડ રજીસ્ટર કે પાર્ટી સ્ટેટસના આધારે દફતરી હકીકતલક્ષી વિગતો ઉપરથી મળી શકે તેમ હોય તો અરજદારને જણાવવાની રહે.

અરજદારની પ્રથમ અપીલ તા.૯–૩–૧૨ ધ્યાને લેતાં ૭–૪–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૨૨–૪–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૦–૦૨–૧૨ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી દફતર ઉપલબ્ધ માહિતી જાહેર માહિતી અધિકારી દ્રારા પાર્ટી સ્ટેટસ સ્વરૂપે પુરી પાડેલ, પરંતુ અરજદારની અપીલ તબક્કેની દાદ શિર્ષકદીઠ વેરાની વિગતો ઉપલબ્ધ હોય તો પુરી પાડવા કરેલ વિનંતીને અનુલક્ષી જાહેર માહિતી અધિકારીએ ડીમાન્ડ રજીસ્ટર કે પાર્ટી સ્ટેટસ કોમ્પ્યુટર પ્રોગ્રામ આધારે દફતરી ઉપલબ્ધ માહિતી ફરીયાદ હકીકતમાં જણાવેલ નિર્દિષ્ટ વિગતે અરજદારને આરટીઆઈ એકટની કલમ–૭(૬) અને નિયમ–૫ હેઠળ પુરી પાડવા ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે. "

(સી.વાય.ભટ્ટ)
ડે.કમિશ્નર
અને ત.એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૨

(૧) પ્રતિ, ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી નરેશભાઈ ગોવિંદભાઈ મોદી,